સદાચાર સ્તોત્ર

રચયિતા: આદિ શંકરાચાર્યજી મહારાજ

ભાવાર્થદીપિકા ટીકા: શ્રીમન્નથુરામ શર્માજી મહારાજ

મંગલાચરણ ને ટીકાની પ્રતિજ્ઞા

દોહરો

બ્રહ્મઈશનું ધ્યાન ધરી, વંદી સદગુરુપાય;
સદાચારની આ ટીકા, ગુર્જરગિરા લખાય. ૧

આ સ્તોત્રમાં સદરૂપ બ્રહ્મને પ્રાપ્ત કરવાના આચાર વા ઉપાય દર્શાવેલા છે, તેથી આ સ્તોત્રનું નામ સદાચાર સ્તોત્ર રાખવામાં આવ્યું છે.

ટીકાની નિર્વિઘ્ને પરિસમાપ્તિ થવા માટે તથા શિષ્ટાચારનું પરિપાલન કરવા ટીકાકાર નમસ્કારરૂપ મંગલાચરણ કરે છે:-

સચ્ચિદાનન્દરુપાય જગદંકુરહેતવે |
સદોદિતાય પૂર્ણાય નમોઽનન્તાય વિષ્ણવે || ૧ ||

શ્લોકાર્થ: સચ્ચિદાનંદરૂપ, જગદરૂપ અંકુરના કારણ, સર્વદા ઉદય પામેલા અસ્તિત્વવાળા, પૂર્ણ અને અનંત પરમાત્માને મારા નમસ્કાર હો.

ટીકા: ત્રણે કાલમાં એકરૂપે રહેનારા, જેનો જ્ઞાનસ્વભાવ કદી પણ લોપ પામતો નથી એવા, પરમપ્રીતિના સ્થાનરૂપ વા પરમાનંદરૂપ, પ્રતીત થતા આ જગતના અભિન્નનિમિત્તોપાદાનકારણરૂપ, (નિમિત્તકારણરૂપ તથા ઉપાદાનકારણરૂપ) સર્વદા સ્ફુરણરૂપે ઉદય પામેલા જણાતા, સ્વગત સજાતીય ને વિજાતીયભેદવિનાના અને દેશ કાલ ને વસ્તુના પરિચ્છેદ વિનાના વ્યાપક પરમાત્માને વા પરમાત્માથી અભિન્ન શ્રી ગોવિંદપાદને મારા વિનયપૂર્વક નમસ્કાર હો.

હવે સ્તોત્રકાર સ્તોત્ર રચવાની પ્રતિજ્ઞા કરે છે:-

સર્વવેદાન્તસિદ્ધાન્તૈર્ગ્રથિતં નિર્મલં શિવમ |
સદાચારં પ્રવક્ષ્યામિ યોગિનાં જ્ઞાનસિદ્ધયે || ૨ ||

શ્લોકાર્થ:- સર્વ ઉપનિષદોના સિદ્ધાંતો વડે ગૂંથેલા, પવિત્ર ને કલ્યાણરૂપ સદાચારને યોગીઓના જ્ઞાનની સિદ્ધિ માટે હું કહીશ.

ટીકા:- ઈશાદિ સર્વ ઉપનિષદોના સિદ્ધાંતો જેમાં ઓતપ્રોત છે એવા, વાસ્તવિક પવિત્ર, ને કલ્યાણસ્વરૂપ બ્રહ્મની સાથે સંબધ રાખનાર હોવાથી કલ્યાણરૂપ એવા, ધર્મશાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા સદાચારથી ભિન્ન સદાચારનું પોતાના ચિત્તને પરબ્રહ્મમાં જોડવાનો પ્રયત્ન કરતા યોગીઓના બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ માટે હું કથન કરીશ.

પ્રાતઃ સ્મરામિ દેવસ્ય સવિતુર્ભર્ગ આત્મનઃ |
વરેણ્યં તદ્ધિયો યો નશ્ચિદાનન્દઃ પ્રચોદયાત || ૩ ||

શ્લોકાર્થ: પ્રાત:કાલમાં હું સર્વની ઉત્પતિના કારણરૂપ ને સ્વયંપ્રકાશ આત્માના તે શ્રેષ્ઠ ચિદાનંદસ્વરૂપનું સ્મરણ કરું છું, જે ચિદાનંદ અમારી બુદ્ધિઓને સ્ફુરાવે છે.

ટીકા: મનુષ્યના ચિત્તની પ્રસન્નતા વધારનારા પ્રાત:કાલમાં જાગ્રત થઈ હું આ સર્વ દૃશ્યના વિવર્તોપાદાનકારણરૂપ ને સ્વયંપ્રકાશ (કોઈનો વિષય થયા વિના સ્પષ્ટ પ્રતીત થનાર) આત્મતત્વના ઉપનિષદોમાં પ્રસિદ્ધ તે ચૈતન્યસ્વરૂપનું ને આનંદસ્વરૂપનું ભાવપૂર્વક સ્મરણ કરું છું, જે ચૈતન્યસ્વરૂપવાળાને આનંદસ્વરૂપવાળા આત્મા આપણી - સર્વ પ્રાણીઓની બુદ્ધિવૃત્તિઓને સ્ફુરણની - જ્ઞાનની શક્તિ આપે છે.

અન્વયવ્યતિરેકાભ્યાં જાગ્રત્સ્વપ્નસુષુપ્તિષુ |
યદેકં કેવલં જ્ઞાનં તદેવાહં પરં બૃહત || ૪ ||

શ્લોકાર્થ: જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિમાં અન્વય વડે ને વ્યતિરેકથી જે એક, અસંગ, ચૈતન્યરૂપ, પર ને નિરતિશયવ્યાપક છે તે જ હું છું.

ટીકા: અંત:કરણની જાગ્રદવસ્થા, સ્વપ્નાવસ્થા ને સુષુપ્ત્યાવસ્થામાં અન્વય વડે ને વ્યતિરેક વડે વિચાર કરતાં જે એક, અસંગ, ચૈતન્યરૂપ, માયાનાં કાર્યોથી ને માયાથી વધારે સૂક્ષ્મ ને વ્યાપક, તથા સર્વથી વધારે વ્યાપક તત્ત્વ છે, તે તત્વ જ હું છું, દેહાદિ હું નથી. અંત:કરણની જે અવસ્થામાં અંત:કરણ ઈંદ્રિયો દ્વારા બહારના વ્યવહારિક પદાર્થોનો અનુભવ કરે તે અવસ્થાને જાગ્રત, જે અવસ્થામાં અંત:કરણ શરીરની અંદર રહેલી હિતાનાડીમાં મનોમય પદાર્થોને અનુભવે તે અવસ્થાને સ્વપ્ન, ને જે અવસ્થામાં અંત:કરણ પોતાના ઉપાદાનકારણરુપ અજ્ઞાનના અંશમાં વિલીન થઈ જાય તે અવસ્થાને સુષુપ્તિ કહેવામાં આવે છે. આત્માનું તે ત્રણે અવસ્થામાં હોવું તે તે અવસ્થાઓમાં આત્માનો અન્વય ને એ ત્રણે અવસ્થાઓનું આત્મામાં ન હોવું તે તે ત્રણે અવસ્થાઓનો આત્માથી વ્યતિરેક જાણવો. જાગ્રતમાં હું એવું રૂપે આત્માનું ભાન થાય છે, પણ તે વેલા સ્વપ્નનું કે સુષુપ્તિનું ભાન હોતું નથી. સ્વપ્નમાં હું એવી રીતે આત્માનું ભાન હોય છે, પણ તે વેલા જાગ્રતનું કે સ્વપ્નનું ભાન હોતું નથી, સુષુપ્તિમાં હું એવી રીતે આત્માનું અસ્પષ્ટ ભાન હોય છે, પણ તે વેલા જાગ્રતનું કે સ્વપ્નનું ભાન હોતું નથી, અને આત્માકારવૃત્તિમાં આત્માનું સ્પષ્ટ ભાન હોય છે, પણ તે વેલા જાગ્રતનું કે સ્વપ્નનું ભાન હોતું નથી. આવી રીતે સર્વ અવસ્થાઓમાં હોવારૂપ આત્માના અન્વયનો ને તે ત્રણે અવસ્થાઓના આત્મામાં ન હોવારૂપ વ્યતિરેકનો વિચાર કરવાથી એક ને અસંગાદિ સ્વભાવવાળા આત્માનું ભાન થાય છે.

હવે યોગીએ પોતાના અજ્ઞાનરૂપ શયનસ્થાનનો પરિત્યાગ કેવી રીતે કરવો તે કહે છે.

જ્ઞાનાજ્ઞાનવિલાસોઽયં જ્ઞાનાજ્ઞાનેન શામ્યતિ |
જ્ઞાનાજ્ઞાને પરિત્યજ્ય જ્ઞાનમેવાવશિષ્યતે || ૫ ||

શ્લોકાર્થ: આ જ્ઞાનનો ને અજ્ઞાનનો વિલાસ જ્ઞાન વડે ને અજ્ઞાન વડે શાંત થાય છે. જ્ઞાનનો ને અજ્ઞાનનો પરિત્યાગ કરીને જ્ઞાન જ અવશેષ રહે છે.

ટીકા: આ દૃશ્ય પ્રપંચ જાગ્રત સ્વપ્ન રૂપ જ્ઞાનના ને સુષુપ્તિરૂપ અજ્ઞાનના કાર્યરૂપ છે. તે આત્માના સાક્ષાત્કાર વડે ને દૃશ્યના મિથ્યાપણાના નિશ્ચયરૂપ તેના અજ્ઞાન વડે નિવૃત્ત થાય છે. આત્માના સાક્ષાત્કારવાળી વૃત્તિરૂપ જ્ઞાનનો ને દૃશ્યના મિથ્યાપણાનો નિશ્ચય કરનારી વૃત્તિરૂપ અજ્ઞાનનો પરિત્યાગ કરવાથી નિરુપાધિક જ્ઞાન જ બાકી રહે છે.
હવે યોગીઓના શૌચને વર્ણવે છે.

અત્યન્તમલિનો દેહો દેહી ચાત્યન્તનિર્મલ: |
અસંગોઽહમિતિ જ્ઞાત્વા શૌચમેતત્પ્રચક્ષતે || ૬ ||

શ્લોકાર્થ: સ્થુલ શરીર બહુ જ અપવિત્ર છે, ને આત્મા બહુ જ પવિત્ર છે, તથા હું અસંગ છું, એમ જાણીને રહેવું આને યોગીઓ શૌચ કહે છે.

ટીકા: પ્રતીત થતું સ્થૂલશરીર મલ, મૂત્ર ને રુધિરાદિ અપવિત્ર પદાર્થોના સમૂહરૂપ હોવાથી અત્યંત મલિન છે, અને આત્મા અસંગ ને સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળો હોવાથી પરમ પવિત્ર છે. અસંગ સ્વભાવવાળો પવિત્ર આત્મા હું છું એમ જાણી દેહાદિમાંથી હું પણાની બુદ્ધિ મૂકી દેવી આ વાસ્તવિક શૌચ - મલમૂત્રના ત્યાગની ક્રિયા છે - એમ યોગીઓ કહે છે.

હવે યોગીઓના સ્નાનનું સ્વરૂપ કહે છે:

મન્મનો મીનવન્નિત્યં ક્રીડત્યાનન્દવારિધૌ |
સુસ્નાતસ્તેન પૂતાત્મા સમ્યગ્વિજ્ઞાનવારિણા || ૭ ||

શ્લોકાર્થ: મારું મન માછલાની પેઠે નિત્ય સુખસાગરમાં ક્રીડા કરે છે. તે યથાર્થ વિજ્ઞાનરૂપ જલ વડે હું સારી રીતે સ્નાન કરેલો છું તેથી પવિત્ર સ્વરૂપ વાળો છું.

ટીકા: મારું અંત:કરણ સમુદ્રમાં રમત કરનારા માછલાની પેટે સર્વદા આનંદસાગર બ્રહ્મમાં રમત કરે છે. બ્રહ્મના યથાર્થ અનુભવરૂપ જલ વડે મેં અવિદ્યારૂપ મેલ નીકળી જાય એવી રીતે સ્નાન કરેલું છે, તેથી હું મારા પવિત્રસ્વરૂપના અનુભવવાળો થયો છું.

નીચેના શ્લોકમાં યોગીઓના અધમર્ષણનું નિરૂપણ કરે છે:

અથાઘમર્ષણં કુર્યાત પ્રાણાપાનનિરોધત: |
મન: પૂર્ણે સમાધાય મગ્નકુમ્ભો યથાર્ણવે || ૮ ||

શ્લોકાર્થ: ઉપર કહેલું સ્નાન કર્યા પછી પ્રાણને અને અપાનને રોકવારૂપ અઘમર્ષણ કરે. જેમ સમુદ્રમાં ડૂબેલો ઘડો રહે તેમ મનને પૂર્ણમાં સારી રીતે સ્થિર કરીને રહે.

ટીકા: પૂર્વે કહેલું સ્નાન કર્યા પછી તે યોગી ઊર્ધ્વ ગતિવાળા પ્રાણના વેગને ને અધોગતિ વાળા અપાન વાયુના વેગને રોકવારૂપ અંત:કરણના મલિન સંસ્કારોને બાળી નાખનારી અઘમર્ષણની ક્રિયા કરે. જેમ સમુદ્રમાં ડૂબેલો ઘડો સ્થિર રહે છે તેમ યોગીએ પોતાના મનને સર્વવ્યાપક બ્રહ્મમાં સારી રીતે સ્થાપન કરીને સ્થિર રહેવું જોઈએ. મનને બ્રહ્મમાં નિમગ્ન કરીને પ્રાણાપાનનો નિરોધ કરવો તેને અહીં અઘમર્ષણ કહેલું છે.

હવે યોગીઓની સંધ્યાનું સ્વરૂપ કહે છે:

લયવિક્ષેપયો: સન્ધૌ મનસ્તત્ર નિરામિષમ |
સ સન્ધિ: સાધિતો યેન સ મુક્તો નાત્ર સંશય: || ૯ ||

શ્લોકાર્થ: લયનો ને વિક્ષેપનો જે સંધિ છે તે સંધિમાં મન માંસરહિત (વિષયરહિત) છે. તે સંધિ જેણે સિદ્ધ કર્યો છે તે મુક્ત છે એમાં સંશય નથી.

ટીકા: વૃત્તિના લયની ને વૃત્તિની ઉત્પત્તિની વચ્ચે વૃત્તિનો સંધિ કહેવાય છે. તે સંધિ બ્રહ્મરૂપ છે. તે સંધિરૂપ બ્રહ્મમાં મન અંતરના ને બહારના વિષયોરૂપ માંસના આહારથી રહિત હોય છે, અર્થાત તેની નિરાલંબ સ્થિતિ હોય છે. તે બ્રહ્મરૂપ સંધિનો અભ્યાસ વડે જેણે અનુભવ કર્યો છે તે પુરુષ સંસારથી ને તેના કારણ અજ્ઞાનથી મોકળો થયેલો છે તેમાં શંકા નથી.

હવે યોગીના જપનું સ્વરૂપ કહે છે:

સર્વત્ર પ્રાણિનાં દેહે જપો ભવતિ સર્વદા |
હંસ: સોહમિતિ જ્ઞાત્વા સર્વબન્ધૈ: પ્રમુચ્યતે || ૧૦ ||

શ્લોકાર્થ: પ્રાણીઓના શરીરમાં સર્વત્ર સર્વદા "હંસ:" વા "સોહં" (હું તે અથવા તે હું) આ જપ થાય છે. તેને અનુભવીને યોગી સર્વ બંધોથી સારી રીતે મોકળો થાય છે.

ટીકા: સર્વ પ્રાણીઓનાં શરીરોમાં સર્વ સ્થળે સર્વ સમયમાં ઉચ્છવાસની સાથે હં ને શ્વાસની સાથે સ: અથવા તેને ઊલટાવીએ તો શ્વાસની સાથે સો ને ઉચ્છવાસની સાથે હં એવું ઉચ્ચારણ સ્વાભાવિક રીતે થયા કરે છે. હંસ: વા સોહં (હું તે પરમાત્મા છું અથવા તે પરમાત્મા હું છું) એ જપને અનુભવ વડે જે યોગી જાણે છે તે બ્રહ્મજ્ઞાન વડે સંસારના સર્વ બંધનોથી સારી રીતે મોકળો થાય છે. હંસ: તે અહં સ: નું ટૂંકું રૂપ છે.

હવે યોગીના તર્પણનું વર્ણન કરે છે:

તર્પણં સ્વસુખેનૈવ સ્વેન્દ્રિયાણાં પ્રતર્પણમ |
મનસા મન આલોક્ય સ્વયમાત્મા પ્રકાશતે || ૧૧ ||

શ્લોકાર્થ: આત્માના આનંદ વડે જ પોતાની ઈંદ્રિયોને સારી રીતે તૃપ્ત કરવી તે યોગીઓનું તર્પણ છે. મન વડે મનને જોઈને આત્મા પોતે પ્રકાશે છે.

ટીકા: આત્માના પરમાનંદ સ્વાભાવ વડે જ પોતાની શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેન્દ્રિયોને પરિપૂર્ણ તૃપ્ત કરવી તે યોગીઓનું તર્પણ છે. પોતાના પવિત્ર ને એકાગ્ર અંત:કરણ વડે અંત:કરણના અધિષ્ઠાનરૂપ આત્માનો સાક્ષાત્કાર કરીને તેને તે પરમાનંદ વડે પરિતૃપ્ત કરવું તે પણ તર્પણ છે. આ તર્પણ વડે આત્મા પોતે પ્રકાશે છે. ઈંદ્રિયોને તથા અંત:કરણને બહારના વિષયોના સેવનથી કદી પણ તૃપ્તિ થતી નથી, પણ આત્માના આનંદનો અનુભવ થવાથી જ તેમને તૃપ્તિ થાય છે, માટે મુમુક્ષુ યોગીને આ તર્પણ કર્તવ્ય છે.

હવે આવા યોગીના અગ્નિહોત્રનું નિરૂપણ કરે છે:

આત્મનિ સ્વપ્રકાશેઽગ્નૌ ચિત્તમેકાહુતિં ક્ષિપેત |
અગ્નિહોત્રી સ વિજ્ઞેય ઈતરે નામધારકા: || ૧૨ ||

શ્લોકાર્થ: સ્વયંપ્રકાશ આત્મરૂપ અગ્નિમાં જે ચિત્તરૂપ એક આહુતિને હોમે તે અગ્નિહોત્રી જાણવો, બીજા નામધારકો છે.

ટીકા: નિરંતર સ્વત:જ્ઞાન સ્વભાવવાળા આત્મરૂપ અલૌકિક અગ્નિમાં જે યોગી, આ સર્વ દૃશ્યને કલ્પી તેમાં રાગદ્વેષ કરી જીવને બહુ દુ:ખી કરે છે તે ચિત્તરૂપ એક અલૌકિક આહુતિને હોમે છે, - આત્મામાં તેનો બાધ કરે છે. તે જ યોગી વાસ્તવિક અગ્નિહોત્રી જાણવો, બીજા લૌકિક અગ્નિહોત્રવાળાઓ તો માત્ર અગ્નિહોત્રી એવું નામ ધારણ કરનારા છે.

હવે યોગીના દેવ, દેવાલય તથા દેવ પૂજનને કહે છે:

દેહો દેવાલયં પ્રોક્તો દેહી દેવો નિરંજન: |
અર્ચિત: સર્વભાવેન સ્વાનુભૂત્યા વિરાજતે || ૧૩ ||

શ્લોકાર્થ: શરીરને દેવળ કહ્યું છે, ને આત્માને નિરંજન દેવ કહ્યા છે. તે દેવ સર્વભાવ વડે પૂજાયા છતા સ્વાનુભવ વડે વિરાજે છે.

ટીકા: પાંચ સ્થૂલ ભૂતોના કાર્યરૂપ આ સ્થૂલશરીરને શાસ્ત્રમાં દેવમંદિર કહ્યું છે, અને તેમાં રહેલા આત્માને સતશાસ્ત્રમાં અવિદ્યારૂપ મલિનતાથી રહિત સ્વયંપ્રકાશ દેવ કહેલા છે. તે અવિદ્યા રહિત દેવ યોગીઓ વડે સર્વ ભાવથી પૂજાયા છતા પોતાના અનુભવ વડે શોભે છે, આત્મા સ્વાનુભવથી ભિન્ન તત્વ નથી તેમ જણાય છે.

યોગીના સ્વાધ્યાયના, ધ્યાનના તથા સાક્ષાત્કારના સ્વરૂપને કહે છે:

મૌનં સ્વાધ્યાયો ધ્યાનં ધ્યેયબ્રહ્માનુચિન્તનમ |
જ્ઞાનેનેતિ તયોઃ સમ્યગ્નિષેધાન્તપ્રદર્શનમ || ૧૪ ||

શ્લોકાર્થ: મૌન સ્વાધ્યાય છે, ધ્યાન કરવા યોગ્ય બ્રહ્મનું વારંવાર ચિંતન ધ્યાન છે, ને જ્ઞાન વડે તે બંનેના યથાર્થ નિષેધના અવધિનો સાક્ષાત્કાર છે.

ટીકા: વાણીનો નિરોધ સેવવો વા તૂષ્ણીભાવને પામવું એ શાસ્ત્રનું સાર્થ અધ્યયન છે. ધ્યાન કરવા યોગ્ય પરમ તત્વમાં વારંવાર પોતાના મનને જોડવું એ ધ્યાન છે, અને પરમ તત્વના અનુભવ વડે યોગીને વાણીના તથા મનના વા મૌનના તથા ધ્યાનના યથાર્થ નિષેધના અવધિરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.

હવે યોગીના ભોજનને વા ભોગને વર્ણવે છે:

અતીતાનાગતં કિંચિન્ન સ્મરામિ ન ચિન્તયે |
રાગદ્વેષં વિના પ્રાપ્તં ભુંજ્જામ્યત્ર શુભાશુભમ || ૧૫ ||

શ્લોકાર્થ: હું ભુતકાળનું કાઈ સ્મરણ કરતો નથી, ને ભવિષ્યનું કાઈ ચિંતન કરતો નથી. અહીં પ્રાપ્ત થયેલા શુભાશુભને હું રાગદ્વેષ વિના ભોગવું છું.

ટીકા: આત્માનું નિર્લેપપણું વિચારી હું ભૂતકાળમાં પ્રાપ્ત થયેલા ભોજનનું કે ભોગવેલા ભોગોનું કાંઈ પણ સ્મરણ કરતો નથી, અને ભવિષ્યમાં મળવાના ભોજનનો કે પ્રાપ્ત થવાના વિષયોનો કાંઈ પણ વિચાર કરતો નથી. મારા પ્રારબ્ધ કર્માનુસાર મને અહીં મળેલા ઉત્તમ કે કનિષ્ઠ ભોજનનો વા શબ્દાદિ વિષયોનો રાગદ્વેષ રહિત અંતઃકરણ વડે પ્રારબ્ધ કર્મની નિવૃત્તિ કરવા માટે હું ઉપભોગ કરું છું.

હવે સંન્યાસનું તથા ત્યાગનું સ્વરૂપ કહે છે:

હઠાભ્યાસો હિ સંન્યાસો નૈવ કાષાયવાસસા |
નાહં દેહોડહમાત્મેતિ નિશ્ચયો ન્યાસલક્ષણમ || ૧૬ ||

શ્લોકાર્થ: હઠાભ્યાસ જ સંન્યાસ છે, ભગવાં વસ્ત્ર વડે નહિ જ. હું દેહ નથી, હું આત્મા છું, એવો નિશ્ચય તે ત્યાગનું લક્ષણ છે.

ટીકા: ઊર્ધ્વગતિ વાળા પ્રાણને તથા અધોગતિવાળા અપાનને પ્રાણાયમ વડે એકત્ર કરવાનો અભ્યાસ કરવો, ને દૃશ્યમાં રહેલો રાગ ત્યજવો, તે જ વાસ્તવિક સંન્યાસ છે, અંતઃકરણની યોગ્યતા વિના માત્ર ભગવાં વસ્ત્રો ધારણ કરી લેવાં તે વડે વાસ્તવિક સંન્યાસ થતો નથી જ. હું આ સ્થૂલ શરીર નથી, પણ બ્રહ્મથી અભિન્ન આત્મા છું, આવો નિશ્ચય કરી દૃશ્યને મનમાંથી કાઢી નાંખવું તે ત્યાગનું સ્વરૂપ છે.

હવે દાનના તથા વૈરાગ્યના અવધિનું લક્ષણ જણાવે છે:

અભયં સર્વભૂતાનાં દાનમાહુર્મનીષિણઃ |
નિજાનન્દે સ્પૃહા નાન્યદ્વૈરાગ્યસ્યાવધિર્મતઃ || ૧૭ ||

શ્લોકાર્થ: સર્વ પ્રાણીઓને અભય આપવું તેને બુદ્ધિમાનો દાન કહે છે, અને નિજાનંદમાં સ્પૃહા, બીજામાં નહિ, તે વૈરાગ્યનો અવધિ માનેલો છે.

ટીકા: અભયરૂપ બ્રહ્મના ઉપદેશ વડે અધિકારી સર્વ પ્રાણીઓને અભયરૂપ બ્રહ્મમાં સ્થિર કરવાં તેને બુદ્ધિમાનો વાસ્તવિક દાન કહે છે. અન્નાદિનું દાન એ ગૌણ દાન છે. નિરૂપાધિક નિરવધિ ને સ્વાધીન આત્માનંદમાં જ માત્ર સ્પૃહા, પણ શબ્દાદિ વિષયોમાં તથા તેનાં ઉપકરણોમાં સ્પૃહા નહિ તેને વિદ્વાનોએ વૈરાગ્યનો છેડો માનેલો છે.

હવે આત્મસાક્ષાત્કારનાં સમીપનાં ત્રણ સાધનો વર્ણવે છે.

વેદાન્તશ્રવણં કુર્યાત મનનં ચોપપત્તિભિઃ |
યોગેનાભ્યસનં નિત્યં તતો દર્શનમાત્મનઃ || ૧૮ ||

શ્લોકાર્થ: વેદાંતનું શ્રવણ કરે, યુક્તિઓ વડે તેનું મનન કરે, અને યોગ વડે નિત્ય તેનો અભ્યાસ કરે, તેથી આત્માનો સાક્ષાત્કાર થાય છે.

ટીકા: મુમુક્ષુ પ્રથમ વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ ને તીવ્ર મુમુક્ષુતા પ્રાપ્ત કરી પછી શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ સદગુરુની પાસેથી ઉપનિષદાદિનું આદરપૂર્વક શ્રવણ કરે, પછી ભેદનો બાધ કરીને અભેદને સિદ્ધ કરવાની યુક્તિઓ વડે એકાંતમાં સ્વસ્થ મને તે સાંભળેલા વિષયનું મનન કરે, પશ્ચાત પોતાના ચિત્તને બ્રહ્મમાં એકાગ્ર કરવાનો નિત્ય અભ્યાસ કરે. આ સાધન વડે મુમુક્ષુને આત્માનો સાક્ષાત્કાર થાય છે.

યોગ્ય અંત:કરણવાળાને આત્માનો સાક્ષાત્કાર પોતાના સદગુરુના શબ્દથી જ થાય છે એમ જણાવે છે:

શબ્દશક્તેરચિન્ત્યત્વાચ્છબ્દાદેવાપરોક્ષધીઃ |
પ્રસુપ્તપુરુષો યદ્વચ્છબ્દેનૈવાનુબુધ્યતે || ૧૯ ||

શ્લોકાર્થ: શબ્દની શક્તિના અચિંત્યપણાથી શબ્દથી જ અપરોક્ષ જ્ઞાન થાય છે. જેમ સૂતેલો મનુષ્ય શબ્દ વડે જાગૃત થાય છે તેમ.

ટીકા: શબ્દનું સામર્થ્ય મનુષ્યથી ન ચિંતવી શકાય એવું છે. સર્વ અજ્ઞાત વસ્તુઓનું જ્ઞાન શબ્દ વડે મેળવાય છે. શબ્દમાં રહેલી અચિંત્ય શક્તિના પ્રભાવથી પોતાના સદગુરુએ ઉપદેશેલા "તત્વમસિ" તે બ્રહ્મ તું છે - ઈત્યાદિ શબ્દોથી જ પવિત્ર ને એકાગ્ર અંત:કરણ વાળા, સદગુરુની ભક્તિવાળા ને વેદાંતના સંસ્કારયુક્ત હ્રદયવાળા જિજ્ઞાસુને આત્માનું અપરોક્ષ જ્ઞાન થાય

છે. જેમ ઘાટી નિંદ્રામાં પડેલો મનુષ્ય તેનું નામ લઈને બોલાવવાથી જાગે છે તેમ અનાદિકાલથી અવિદ્યારૂપ ઘાટી નિંદ્રામાં પડેલો મનુષ્ય સદગુરુના મહાવાક્યરૂપ શબ્દથી જ આત્મસ્વરૂપમાં જાગ્રત થાય છે.

જડ ચેતનના વિવેક વડે ને સદગુરુના ઉપદેશ વડે શિષ્ય વેદનું અતિક્રમણ કરવા સમર્થ થાય છે એમ જણાવે છે:

આત્માનાત્મવિવેકેન જ્ઞાનં ભવતિ નિર્મલમ |
ગુરુણા બોધિત: શિષ્ય: શબ્દબ્રહ્માતિવર્તતે || ૨૦ ||

શ્લોકાર્થ: આત્માના ને અનાત્માના વિવેક વડે પવિત્ર જ્ઞાન થાય છે. ગુરુએ ઉપદેશ કરેલો શિષ્ય વેદનું ઉલ્લંઘન કરી જાય છે.

ટીકા: જડને તથા ચેતનને તેનાં લક્ષણો વડે ભિન્ન ભિન્ન જાણવાથી જડને અસત તથા દુ:ખરૂપ જાણવાથી અને ચેતનને સત તથા પરમાનંદરૂપ જાણવાથી - મોક્ષ સાધકને સર્વ પ્રકારના દોષથી રહિત બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. શ્રી સદગુરુએ જેને ઉપદેશ કરેલો છે એવો સાધન્સંપન્ન શિષ્ય કર્મ ને ઉપાસનાનું નિરૂપણ કરનારા વેદભાગનું ઉલ્લંઘન કરીને ઉપનિષદોએ પ્રતિપાદન કરેલા બ્રહ્મસ્વરૂપને અભેદભાવે પામે છે.

હવે કોઈ સદગુરુ પોતાના સાધનસંપન્ન શિષ્યને આત્મસ્વરૂપનો ઉપદેશ કરે છે.

ન ત્વં દેહો નેન્દ્રિયાણિ ન પ્રાણો ન મનો ન ધી: |
વિકારિત્વાદ્વિનાશિત્વાદ દ્રશ્યત્વાચ્ચ ઘટો યથા || ૨૧ ||

શ્લોકાર્થ: જેમ વિકારીપણાથી, વિનાશીપણાથી ને દ્રશ્યપણાથી ઘડો તું નથી, તેમ તું શરીર નથી, ઈંદ્રિયો નથી, પ્રાણ નથી, મન નથી, ને બુદ્ધિ નથી.

ટીકા: જેમ ઉત્પત્તિની પહેલાં હોવું, ઉત્પન્ન થવું, વધવું, ભિન્ન ભિન્ન પરિણામને પામવું, ઘટવા માંડવુ ને નાશ પામવું આ છ ભાવવિકારો ઘડામાં રહેલા હોવાથી, તથા ઘડો દ્રશ્ય હોવાથી, તે ઘડો તું નથી, તેમ તારું સ્થૂલશરીર, શ્રોત્રાદિ ને વાગાદિ ઈંદ્રિયો, પ્રાણાદિ પ્રાણો, સંકલ્પવિકલ્પરૂપ ધર્મવાળું મન ને નિશ્ચયરૂપ ધર્મવાળી બુદ્ધિ પણ વિકારી, વિનાશી ને દ્રશ્ય હોવથી તારું વાસ્તવિક સ્વરૂપ નથી, તું તો તે સર્વથી વિલક્ષણ અર્થાત અવિકારી, અવિનાશી ને સર્વ દ્રશ્યનો દ્રષ્ટા છે.

તારું વાસ્તવિક સ્વરૂપ તો આવું છે એમ કહે છે.

વિશુદ્ધ કેવલં જ્ઞાનં નિર્વિશેષં નિરન્જનમ |
યદેકં પરમાનન્દં તત્વમસ્યદ્વ્યયં પરમ || ૨૨ ||

શ્લોકાર્થ: જે અત્યંત શુદ્ધ, કેવલ, ચૈતન્ય, વિશેષોથી રહિત, અવિદ્યારૂપ અંજનથી રહિત, એક, પરમાનંદ, અદ્વય ને પર છે, તે તું છે.

ટીકા: જે બ્રહ્મ, માયા ને માયાનાં કાર્યોથી અત્યંતરહિત, સર્વ સંગથી રહિત, સર્વદા ચિદ્રુપ, નામ રૂપ જાતિ ને ક્રિયા આદિ વિશેષોથી રહિત, અવિદ્યારૂપ મલિનતાથી રહિત, સજાતીયાદિ ભેદથી રહિત, પરમાનંદસ્વરૂપ, અદ્વિતીય અને સુક્ષ્મતમ તથા વ્યાપકતમ છે તે બ્રહ્મ તું છે.

તું શબ્દ ને મનનો સાક્ષી છે એમ શ્રી સદગુરુ કૃપા કરીને શિષ્યને ઉપદેશ કરે છે.

શબ્દસ્યાદ્યન્તતે સિદ્ધે મનસોડપિ તથૈવ ચ |
મધ્યે સાક્ષિતયા નિત્યં તદેવ ત્વં ભ્રમં જહિ || ૨૩ ||

શ્લોકાર્થ: શબ્દની ઉત્પત્તિ ને વિનાશ સિદ્ધ છે, મનમાં પણ તેમ જ છે. મધ્યમાં સાક્ષિપણા વડે નિત્ય છે તે જ તું છે, ભ્રાંતિ ત્યજી દે.

ટીકા: શબ્દ એ આકાશનો ગુણ છે. જ્યારે આકાશ ઉત્પત્તિવાળું તથા નાશવાળું છે ત્યારે તેનો ગુણ શબ્દ ઉત્પત્તિવાળો ને નાશવાળો હોય તેમાં શું આશ્ચર્ય? ક ખ આદિ વર્ણરૂપ ને નગારા આદિના ધ્વનિરૂપ શબ્દોની ઉત્પત્તિ ને વિનાશ શાસ્ત્રથી ને જ્ઞાનીઓના અનુભવથી સિદ્ધ છે. શબ્દનું સૂક્ષ્મરૂપ જેને સ્ફોટ કહેવામાં આવે છે તે આકાશની પેઠે આપેક્ષિક અન્યની અપેક્ષાએ નિત્ય ભલે હોય, પણ આત્માની પેઠે નિરપેક્ષ નિત્ય નથી. અહીં શબ્દ વડે વાણી સમજવી. વાણી જેમ ઉત્પત્તિનાશવાળી છે તેમ મન પણ ઉત્પત્તિ નાશ વાળું છે એમ સત્શાસ્ત્રોથી ને વિદ્વાનોના અનુભવથી સિદ્ધ છે. વળી જાગ્રતમાં ને સ્વપ્નમાં વાણીની ને મનની ઉત્પત્તિ ને સુષુપ્તિમાં તેનો લય સૌને અનુભવસિદ્ધ હોવાથી પણ તે બંને ઉત્પત્તિ નાશવાળા સિદ્ધ થાય છે. આકાશાદિ પાંચ ભૂતોના મળેલા સત્ત્વગુણના અંશમાંથી મનની ઉત્પત્તિ થાય છે, ને પ્રલયકાલે વા મોક્ષકાલે તેનો તેમાં જ લય થાય છે. વાણીની તથા મનની સ્થિતિ હોય ત્યારે અર્થાત તેના પ્રવૃત્તિ કાલમાં જે પરમતત્વ સાક્ષિપણા વડે નિત્ય રહેલું છે તે પરમતત્વ જ તું છે, દેહ, વાણી કે મન તું નથી, માટે તેમાં તને હું પણાની - આત્માની - બુદ્ધિ રહેતી હોય તો તે ભ્રાંતિનો ત્યાગ કર.

હવે સ્થૂલ શરીરાદિનો વિરાટાદિથી અભેદ છે એમ ઉપદેશ કરે છે:

સ્થૂલવૈરાજયોરૈક્યં સૂક્ષ્મહૈરણ્યગર્ભયો: |
અજ્ઞાનમાયયોરૈક્યં પ્રત્યગ્વિજ્ઞાનપૂર્ણયો: ||૨૪||

શ્લોકાર્થ: સ્થૂલ શરીરનું ને વિરાટના શરીરનું એકપણું છે, સૂક્ષ્મ શરીરનું ને હિરણ્યગર્ભના શરીરનું એકપણું છે, અજ્ઞાનનું ને માયાનું એક પણું છે, અને પ્રત્યગાત્માનું ને બ્રહ્મનું એકપણું છે.

ટીકા: પ્રાણીઓનાં સ્થૂલ શરીરોના ને વિરાટ ભગવાનના શરીરનો અભેદ છે. કેમ કે તે બંને પંચીકૃત પાંચ ભૂતોના બનેલાં છે. પ્રાણીઓનાં સૂક્ષ્મશરીરોનો ને હિરણ્યગર્ભ ભગવાનના શરીરનો અભેદ છે, કેમ કે તે બંને અપંચીકૃત પાંચ ભૂતોનાં બનેલાં છે; અજ્ઞાન ને માયાનો અભેદ છે, કેમ કે અજ્ઞાન જીવોનાં સૂક્ષ્મ સ્થૂલ શરીરોનું કારણ છે, ને માયા શ્રી ઈશ્વરના સૂક્ષ્મ તથા સ્થૂલ શરીરનું કારણ છે; અને અંતરાત્મા ને બ્રહ્મનો અભેદ છે, કેમ કે તે બંને કારણ, સૂક્ષ્મ ને સ્થૂલ એ ત્રણે પ્રકારની ઉપાધિથી રહિત શુદ્ધ છે. શરીરોના અભેદના કથન વડે તેમના અભિમાનીઓનો પણ અભેદ જાણવો. વ્યષ્ટિ (એક) સ્થૂલશરીરના ને જાગ્રદવસ્થાના અભિમાની વિશ્વ નામના જીવનો સમષ્ટિ સ્થૂલ શરીરના અભિમાની વિરાટ ભગવાન સાથે અભેદ જાણવો,

વ્યષ્ટિ સૂક્ષ્મ શરીરના ને સ્વપ્નાવસ્થાના અભિમાની તૈજસ નામના જીવનો સમષ્ટિ સૂક્ષ્મ શરીરના અભિમાની ભગવાન હિરણ્યગર્ભની સાથે અભેદ જાણવો અને વ્યષ્ટિ - અજ્ઞાન વા કારણશરીરના ને સુષુપ્તિ અવસ્થાના અભિમાની પ્રાજ્ઞ નામના જીવનો માયાના અભિમાની શ્રી ઈશ્વર વા અંતર્યામીની સાથે અભેદ જાણવો.

બ્રહ્મમાં ભ્રાંતિથી આ જગતની પ્રતીતિ થઈ છે એમ જણાવે છે:

ચિન્માત્રૈકરસે વિષ્ણૌ બ્રહ્માત્મૈક્યસ્વરુપકે |
ભ્રમેણૈવ જગજ્જાતં રજ્જ્વાં સર્પભ્રમો યથા ||૨૫||

શ્લોકાર્થ: જેમ દોરડીમાં સર્પની ભ્રાંતિ થાય છે તેમ કેવલચૈતન્ય, એકરસ ને બ્રહ્મ તથા આત્માના એકપણાના સ્વરૂપવાળા વ્યાપકતત્વમાં ભ્રાંતિ વડે જ જગત ઉપજ્યું છે.

ટીકા: જેમ મંદાંધકારમાં પડેલી દોરડીમાં મનુષ્યને સર્પની ભ્રાંતિ થાય છે તેમ ચૈતન્યમાત્ર, સર્વત્ર સમરૂપે રહેલું, ને બ્રહ્મ તથા આત્માના એકપણાના સ્વરૂપવાળું જે વ્યાપકતત્વ છે તેમાં અજ્ઞાનીઓની ભ્રાંતિ વડે જ તેમને આ નામરૂપવાળું સર્વ જગત પ્રતીત થયું છે.

હવે તાર્કિકાદિના મતે જીવ અને ઈશ્વરના સ્વરૂપનું વર્ણન કરે છે:

તાર્કિકાણાં ચ જીવેશૌ વાચ્યાવેતૌ વિદુર્બુધાઃ |
લક્ષ્યૌ ચ સાંખ્યયોગાભ્યાં વેદાન્તૈરેકતા તયોઃ || ૨૬ ||

શ્લોકાર્થ: તાર્કિકોના જીવ ને ઈશ્વર આ વાચ્ય છે એમ જ્ઞાનીઓ જાણે છે, સાંખ્ય ને યોગ વડે આ બે લક્ષ્ય છે, ને ઉપનિષદો વડે તે બંનેની એકતા છે.

ટીકા: ન્યાયદર્શન ને વૈશેષિક દર્શન એ બંને તર્કશાસ્ત્ર કહેવાય છે. તે બંને શાસ્ત્રોના સિદ્ધાંતને અનુસરનારા તાર્કિકો કહેવાય છે. તાર્કિકો જીવને તથા ઈશ્વરને જ્ઞાન, ઈચ્છા ને પ્રયત્નાદિ ગુણોવાળા માને છે. એવી રીતે તે બંને દર્શનો વાળાના જીવ તથા ઈશ્વર ઉપર જણાવેલા ગુણોવાળા હોવાથી વાચ્યરૂપ છે એમ જ્ઞાનીઓ જાણે છે. શબ્દનો પોતાના અર્થથી જે સંબધ તે વૃત્તિ કહેવાય છે. તે વૃત્તિ બે પ્રકારની છે, શક્તિવૃત્તિ તથા લક્ષણાવૃત્તિ. શબ્દનો શક્તિવૃત્તિ વડે જે અર્થ થાય તે શક્યાર્થ વા વાચ્યાર્થ કહેવાય છે, ને શબ્દનો લક્ષણાવૃત્તિ વડે જે અર્થ થાય તે લક્ષ્યાર્થ કહેવાય છે. શબ્દનો પોતાના શક્યાર્થ વા મુખ્યાર્થથી જે સંબધ તે શક્તિવૃત્તિ ને શબ્દનો શક્યાર્થના સંબધ વાળાની સાથે જે સંબધ તે લક્ષણાવૃત્તિ કહેવાય છે. જીવ તથા ઈશ્વર એ બે શબ્દના શક્તિવૃત્તિ વડે જે અર્થ થાય છે તેને તાર્કિકો જીવનું તથા ઈશ્વરનું વાસ્તવિક સ્વરૂપ માનતા હોવાથી તેમના જીવને તથા ઈશ્વરને વેદાંતસિદ્ધાંત પ્રમાણે વાચ્યરૂપ કહ્યાં છે. સાંખ્યદર્શન તથા યોગદર્શન જીવને (પુરુષને) પ્રકૃતિથી ભિન્ન ચેતન સ્વભાવ વાળો કહે છે, તથા યોગદર્શન ઈશ્વરને (પુરુષવિશેષને) પણ પ્રકૃતિથી ભિન્ન ચેતન સ્વભાવવાળા કહે છે, તેથી તેમના સિદ્ધાંતમાં જે જીવ તથા ઈશ્વર કહ્યા છે તે વાચ્યાર્થમાંથી જડભાગ કાઢી નાખીને શુદ્ધ ચેતનરૂપ કહેલા છે. એવી રીતે તેઓ જીવને તથા ઈશ્વરને કેવલ ચેતનરૂપ માનનારા હોવાથી વેદાંત સિદ્ધાંત પ્રમાણે તેઓ તે બંનેના લક્ષ્યાર્થને માનનારા છે એમ જણાવ્યું છે. યોગસિદ્ધાંતમાં જીવને તથા ઈશ્વરને ચેતનરૂપ માન્યાં છતાં પણ તે બંનેનો અભેદ સ્વીકારવામાં આવ્યો નથી, પણ ઈશ્વરમાં અવિદ્યાદિ ક્લેશો, શુભાશુભ કર્મો, તેનાં ફલો ને કર્મના સંસ્કારો સર્વદા ન

હોવાથી તે જીવોથી ભિન્ન છે એમ સ્વીકારવામાં આવ્યું છે. ઉપનિષદોમાં જીવના સ્વરૂપમાંથી અવિદ્યા ને તેના ધર્મો તથા ઈશ્વરના સ્વરૂપમાંથી માયા ને તેના ધર્મો કાઢી નાંખવામાં આવે તો તે બંનેના શુદ્ધ સ્વરૂપમાં કાંઈ જ ભેદ નથી, એમ તે બંનેના સ્વરૂપની એકતા સ્વીકારવામાં આવી છે.

હવે તે બંનેની ચૈતન્યરૂપે એકતા કેવી છે તે કહે છે:

કાર્યકારણવાચ્યાંશૌ જીવેશૌ યૌ જહચ્ચ તૌ |
અહજચ્ચ તયોર્લક્ષ્યૌ ચિદંશાવેકરુપિણૌ ||૨૭||

શ્લોકાર્થ: જીવ ને ઈશ્વરમાં જે કાર્ય ને કારણરૂપ વાચ્યનો ભાગ છે તે બંને ત્યજી દેવાથી ને બંનેના લક્ષ્યભાગને નહિ ત્યજી દેવાથી તે બંનેના ચેતનરૂપ અંશો એકરૂપવાળા છે.

ટીકા: જીવમાં વ્યષ્ટિ અવિદ્યા ને તેના ધર્મોરૂપ વા અંત:કરણ ને તેના ધર્મોરૂપ વાચ્યનો ભાગ છે, ને ઈશ્વરમાં માયા ને તેના ધર્મોરૂપ વાચ્યનો ભાગ છે. જીવ તથા ઈશ્વરમાંથી એ બંને વાચ્યના ભાગો ત્યજી દેવાથી અવશેષ રહેલા જે ચેતનરૂપ ભાગો તે બંનેના લક્ષ્યરૂપ છે. તેનો ત્યાગ ન કરવાથી તે બંને ચેતનના અંશો એકરૂપ વાળા છે. બંને ચેતનો સચ્ચિદાનંદ સ્વભાવવાળાં હોવાથી તે બંનેમાં કાંઈ પણ ભેદ નથી. જેમ ઘડારૂપ ને મઠરૂપ ઉપાધિ દૂર કરતાં ઘટાકાશ ને મઠાકાશ મહાકાશરૂપ થઈ જાય છે, ને સેવક તથા રાજાની ઉપાધિ દૂર કરતાં તે બંને મનુષ્યરૂપ પ્રતીત થાય છે, તેમ જીવ તથા ઈશ્વરની ઉપાધિનો ત્યાગ કરતાં તે બંને ચેતનરૂપે રહે છે.

હવે અન્ય શાસ્ત્રોથી વેદાંતનું શ્રેષ્ઠપણું વર્ણવે છે:

કર્મશાસ્ત્રે કુતો જ્ઞાનં તર્કે નૈવાસ્તિ નિશ્ચય: |
સાંખ્યયોગૌ ભિદાપન્નૌ શાબ્દિકા: શબ્દતત્પરા: ||૨૮||
અન્યે પાખણ્ડિન: સર્વે જ્ઞાનવાર્તાસુ દુર્બલા: |
એકં વેદાન્તવિજ્ઞાનં સ્વાનુભ્ત્યા વિરાજતે ||૨૯||

શ્લોકાર્થ: કર્મશાસ્ત્રમાં જ્ઞાન ક્યાંથી? તર્કમાં નિશ્ચય જ નથી. સાંખ્ય ને યોગ ભેદને પ્રાપ્ત થયાં છે. શબ્દશાસ્ત્રને માનનાર શબ્દમાં તત્પર છે. બીજા સર્વે પાખંડીઓ જ્ઞાનની વાર્તાઓમાં દુબળા છે. એક વેદાંતનું વિજ્ઞાન સ્વાનુભવ વડે વિશેષ શોભે છે.

ટીકા: વૈદિક કર્મોનો ઉપદેશ કરનાર શ્રી જૈમિનિ પ્રણીત પૂર્વમીમાંસા દર્શનમાં વૈદિક કર્મોનો જ વિચાર હોવાથી તેમાં જીવ બ્રહ્મના અભેદના જ્ઞાનનું નિરૂપણ ક્યાંથી હોય? શ્રી ગૌતમપ્રણીત ન્યાયદર્શન ને શ્રીકણાદ પ્રણીત વૈશેષિક દર્શન યુક્તિપ્રધાન હોવાથી તર્કશાસ્ત્ર કહેવાય છે. તર્કની કોઈ સ્થળે સ્થિરતા નથી, કેમ કે બલવાન તર્કથી નિર્બળ તર્ક સર્વદા બાધ પામે છે. એવી રીતે અસ્થિર તર્કમાં બ્રહ્મતત્વનો નિશ્ચય જ નથી. શ્રી કપિલ પ્રણીત સાંખ્યદર્શનમાં જીવોને તથા શ્રી ઈશ્વરને ભિન્ન કહેલા છે. એ બંને દર્શનોમાં જીવોનો પરસ્પર ભેદ તથા જીવોનો ઈશ્વરથી ભેદ વર્ણવેલો હોવાથી એ બંને શાસ્ત્રો ભેદવાદને પ્રાપ્ત થયેલાં ગણાય છે. વ્યાકરણ શાસ્ત્રના પરમાર્થની સાથે સંબધ રાખનારા ભાગમાં પરમતત્વનો સૂક્ષ્મવિચાર કર્યો નથી. શ્રી પાણિની

આદિ સમર્થ વૈયાકરણોએ પ્રધાનપણે શબ્દોનો જ વિચાર કર્યો છે. વ્યાકરણ શાસ્ત્રના મતને માનનારા શાબ્દિકો કહેવાય છે. તેઓ શબ્દના વિચારમાં તત્પર છે, પણ બ્રહ્મના વિચારમાં તત્પર નથી. ચાર્વાકાદિ બીજા સર્વે પાખંડીઓ (મોક્ષમાર્ગને નહિ માનનારા તથા તે પ્રમાણે પ્રયત્ન નહિ કરનારા) બ્રહ્મજ્ઞાન સંબધની વાતોમાં નબળા છે. એક વેદાંતશાસ્ત્રનું સ્વાનુભવવાળું જ્ઞાન જ્ઞાનીઓના પોતાના અનુભવ વડે અત્યંત શોભે છે. બીજાં દર્શનો બહુધા લોકાંતરમાં જવાથી દૃષ્ટ દુ:ખની નિવૃત્તિને પરમાનંદની પ્રાપ્તિ મોક્ષ સાધકને થશે એમ કહે છે, ને વેદાંતશાસ્ત્ર તો યથાયોગ્ય યત્ન કરનારને દૃષ્ટ દુ:ખની નિવૃત્તિ ને પરમાનંદની પ્રાપ્તિ અહીં જ (વર્તમાન જન્મમાં) અનુભવાય છે એમ કહે છે, એટલે અન્ય શાસ્ત્રોથી વેદાંતશાસ્ત્રનો ભેદ છે.

હવે બંધ મોક્ષના સ્વરૂપનું તથા તેના ઉપાદાન કારણનું નિરૂપણ કરે છે:

અહં મમેત્યય બન્ધો મમાહં નેતિ મુક્તતા |
બન્ધમોક્ષૌ ગુણૈર્ભાતઃ ગુણાઃ પ્રકૃતિસમ્ભવાઃ || ૩૦ ||

શ્લોકાર્થ: હું ને મારું આ બંધ છે, ને હું ને મારું નહિ આ મુક્તપણું છે. તે બંધ ને મોક્ષ ગુણો વડે પ્રતીત થાય છે, ને તે ગુણો પ્રકૃતિથી ઉપજેલા છે.

ટીકા: બ્રાહ્મણાદિ જાતિવાળું ને ગૃહસ્થાદિ આશ્રમવાળું શરીર હું છું ને આ શરીર તથા આ શરીરનાં સંબધવાળાં જે પ્રાણીઓ તથા પદાર્થો છે તે મારાં છે એમ માનવું આ બંધ છે; અને આ શરીર હું નથી, પણ અસંગ ને સચ્ચિદાનંદ સ્વભાવવાળા અંતરાત્માથી અભિન્ન બ્રહ્મ હું છું, ને આ શરીર તથા આ શરીરના સંબધવાળાં પ્રાણીઓ તથા પદાર્થો મારાં નથી, કેમ કે હું સર્વથી સર્વદા અસંગ છું એમ માનવું આ મુક્તપણું વા મોક્ષ છે. તે બંધ તથા મોક્ષ બુદ્ધિના અવિવેક વા અજ્ઞાન ને વિવેક વા જ્ઞાન એ ગુણો વડે પ્રતીત થાય છે. સ્વરૂપાવસ્થિત શુદ્ધ આત્મામાં વાસ્તવિક રીતે બંધ કે મોક્ષ નથી. મહતત્વરૂપ બુદ્ધિ પ્રકૃતિનું કાર્ય હોવાથી એ બંને ગુણો પણ બુદ્ધિની સાથે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયા છે.

મંદભાગ્ય વાળા મનુષ્યો જ્ઞાનસ્વરૂપ બ્રહ્મને જાણી શકતા નથી એમ કહે છે:

જ્ઞાનમેકં સદા ભાતિ સર્વાવસ્થાસુ નિર્મલમ |
મન્દભાગ્યા ન જાનન્તિ સ્વરુપં કેવલં બૃહત ||૩૧||

શ્લોકાર્થ: સર્વ અવસ્થાઓમાં સર્વદા નિર્મલ જ્ઞાન એક પ્રતીત થાય છે. મંદભાગ્યવાળા પુરુષો કેવલ બ્રહ્મસ્વરૂપને જાણતા નથી.

ટીકા: જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ અંત:કરણની ત્રણ અવસ્થાઓ ભિન્ન ભિન્ન છે, પણ તે ત્રણે અવસ્થાઓનું જ્ઞાન ભિન્ન ભિન્ન નથી. જાગ્રતમાં શબ્દાદિ પાંચ વિષયો ભિન્ન ભિન્ન છે, પણ તેમનું જ્ઞાન ભિન્ન નથી, સ્વપ્નમાં શબ્દાદિ વિષયો ભિન્ન ભિન્ન છે, પણ તેમનું જ્ઞાન ભિન્ન નથી, ને સુષુપ્તિમાં અજ્ઞાન ને સુખરૂપ વિષયો ભિન્ન ભિન્ન છે, પણ તેમનું જ્ઞાન ભિન્ન નથી. જાગ્રદાદિ ત્રણ અવસ્થાઓમાં, સોમાવાર આદિ વારોમાં, શુક્લાદિ પક્ષોમાં, કાર્તિકાદિ માસોમાં, પ્રભવાદિ સંવત્સરોમાં, કૃતાદિ યુગોમાં, શ્વેત-વારાહાદિ કલ્પોમાં ને અનેક મહાકલ્પોમાં ઉપાધિરહિત એટલે શુદ્ધ જ્ઞાન સર્વદા એક જ પ્રતીત થાય છે. પાપસંસ્કારોના બહુપણાથી જેમણે વિવેકાદિ તથા શ્રવણાદિ સાધનો સંપાદન કર્યા નથી એવા અભાગીઆ પુરુષો માયાથી પર રહેલા બ્રહ્મસ્વરૂપને જાણવા સમર્થ થતા નથી.

એ આત્માને જાણનારા મુક્ત થાય છે એમ જણાવે છે:

સંકલ્પસાક્ષિણં જ્ઞાનં સર્વલોકૈકજીવનમ |
તદસ્મીતિ ચ યો વેદ સ મુક્તો નાત્ર સંશય: ||૩૨||

શ્લોકાર્થ: સર્વ પ્રાણીઓના મુખ્ય જીવનરૂપ, જ્ઞાન સ્વભાવવાળા ને સંકલ્પના સાક્ષીને તે હું છું એમ જે પુરુષ જાણે છે તે મુક્ત છે એમાં સંશ્ય નથી.

ટીકા: શુદ્ધ ચેતન પ્રાણના પણ પ્રાણરૂપ હોવાથી તે ચેતનને અહીં સર્વ પ્રાણધારી પ્રાણીઓમાં મુખ્ય જીવનરૂપ કહેલ છે. શુદ્ધ ચેતનનો જ્ઞાન સ્વભાવ "સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ | " (બ્રહ્મ સત્ય, જ્ઞાન ને અનંત છે) ઈત્યાદિ શ્રુતિઓમાં કહ્યો છે. જો આત્માનો વા ચેતનનો જ્ઞાન સ્વભાવ ન હોય તો આ જગતમાં કોઈ પણ પ્રાણી પદાર્થનું જ્ઞાન થઈ શકે નહિ એ યુક્તિથી પણ આત્માનો વા ચેતનનો જ્ઞાન સ્વભાવ છે એમ જણાવે છે. એવી રીતે આત્માનો જ્ઞાનસ્વભાવ શ્રુતિ, યુક્તિ ને જ્ઞાનીઓના અનુભવ વડે સિદ્ધ છે. વળી તે આત્મા અંત:કરણની સર્વ વૃત્તિઓનો પ્રકાશક હોવાથી મનના સંકલ્પોના સાક્ષિરૂપે તેને કહેલ છે. તે આત્મા હું છું એમ જે પુરુષ સ્વાનુભવથી જાણે છે તે પુરુષ અવિદ્યાથી ને તેનાં કાર્યોથી મોકળો થયેલો છે એમાં લેશ પણ સંશય નથી.

આત્મા સર્વનો પ્રકાશક હોવાથી તેના જ્ઞાન માટે કોઈ પ્રમાણની અગત્ય નથી એમ કહે છે:

પ્રમાતા ચ પ્રમાણં ચ પ્રમેયં પ્રમિતિસ્તથા |
યસ્ય ભાસાવભાસેત માનં જ્ઞાનાય તસ્ય કિમ ||૩૩||

શ્લોકાર્થ: પ્રમાતા, પ્રમાણ, પ્રમેય ને પ્રમા જેના જ્ઞાન વડે પ્રતીત થાય છે, તેના જ્ઞાન માટે ક્યું પ્રમાણ જોઈએ?

ટીકા: પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે વસ્તુઓને જાણનારો જીવ પ્રમાતા કહેવાય છે. પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ ને અનુપલબ્ધિ આ છ પ્રમાણોના નામો છે. યથાર્થ જ્ઞાનનું સાધન તે પ્રમાણ કહેવાય છે. પ્રત્યક્ષાદિ પ્રમાણોનાં લક્ષણ અન્યત્ર વર્ણવ્યાં છે. તેથી તેમના લક્ષણો અહીં કહ્યાં નથી. પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે જે વસ્તુનું જ્ઞાન થાય છે તે વસ્તુ પ્રમેય કહેવાય છે. પ્રમાણ વડે થનારા યથાર્થ જ્ઞાનને પ્રમિતિ વા પ્રમા કહેવામાં આવે છે. આ ચારે જેના જ્ઞાન સ્વભાવ વડે પ્રતીત થાય છે તે સ્વયંપ્રકાશ આત્માના જ્ઞાન માટે ક્યા પ્રમાણની અપેક્ષા છે? આ ચારેને જે આત્મા પ્રકાશે છે તે આત્માના સદભાવનું તથા તેના જ્ઞાન સ્વભાવનું જ્ઞાન તો એ ચારે પદાર્થોની સાથે જ થઈ ગયું છે. જેમ સૂર્યના પ્રકાશ વડે પ્રકાશેલા અન્ય પદાર્થોના જ્ઞાન સાથે સૂર્યના સદભાવનું તથા તેના પ્રકાશ સ્વભાવનું જ્ઞાન થઈ જાય છે તેમ અહીં પણ સમજવું.

પદાર્થના જ્ઞાનને પ્રકાશનાર આત્મા છે એમ નિરૂપણ કરે છે:

અર્થાકારા ભવેદવૃત્તિ: ફલેનાર્થ: પ્રકાશતે |
અર્થજ્ઞાનં વિજાનાતિ સ એવાર્થ: પર: સ્મૃત: ||૩૪||

શ્લોકાર્થ: વૃત્તિ વસ્તુને આકારે થાય છે, ચિદાભાસ વડે વસ્તુ પ્રકાશે છે, ને વસ્તુના જ્ઞાનને જે પ્રકાશે છે તે જ વસ્તુ શ્રેષ્ઠ કહી છે.

ટીકા: અંત:કરણની વૃત્તિ નેત્રાદિ દ્વારા નીકળી પદાર્થ ઉપરના આવરણનો ભંગ કરી પ્રકાશાદિના સાહ્યચ્ય વડે તે પદાર્થને આકારે થાય છે. જેમ કોઠામાં ભરેલું પાણી નળ દ્વારા જઈને ક્યારાને આકારે થાય છે તેમ. પદાર્થ જડ છે, ને વૃત્તિ પણ જડ છે, તેથી તે વૃત્તિ તે પદાર્થને પ્રકાશી શકતી નથી. તે વૃત્તિના અગ્રભાગમાં રહેલું ચેતનનું પ્રતિબિંબ જેને ચિદાભાસ વા ફલ કહેવામા આવે છે તે પદાર્થને પ્રકાશે છે, અર્થાત આ અમુક પદાર્થ છે એવું જ્ઞાન અંત:કરણમાં ઉપજાવે છે. આ અમુક પદાર્થ છે તેને મેં જાણ્યો એવું જ્ઞાન ઉપજ્યા વિના માત્ર તે પદાર્થનું જ્ઞાન મનુષ્યની પ્રવૃત્તિ નિવૃત્તિમાં હેતુ થઈ શકતું નથી, માટે તે પદાર્થના જ્ઞાનને પ્રકાશનાર કોઈ અન્ય વસ્તુ હોવી જોઈએ. આ અમુક પદાર્થને મેં જાણ્યો એમ પદાર્થના જ્ઞાનને જે વસ્તુ સારી રીતે પ્રકાશે છે તે વસ્તુ એટલે આત્મા વા શુદ્ધ ચેતન જ સર્વથી શ્રેષ્ઠ છે એમ વેદાંતમાં કહ્યું છે.

જડ પદાર્થના જ્ઞાનમાં વૃત્તિના ને ચિદાભાસના વ્યાપારની અગત્ય છે પણ ચેતન રૂપ આત્માના જ્ઞાનમાં તો માત્ર વૃત્તિનો જ ઉપયોગ છે એમ પ્રતિપાદન કરી બતાવે છે:

વૃત્તિવ્યાપ્યત્વમેવાસ્તુ ફલવ્યાપ્તિ: કથં ભવેત? |
સ્વપ્રકાશસ્વરૂપત્વાત સિદ્ધત્વાચ્ચ ચિદાત્મન: ||૩૫||

શ્લોકાર્થ: ચૈતન્યરૂપ આત્માના સ્વપ્રકાશ સ્વરૂપપણાથી અને સિદ્ધપણાથી વૃત્તિવ્યાપ્યપણું જ હો, ફલવ્યાપ્તિ કેમ હોઈ શકે?

ટીકા: ચૈતન્ય, જ્ઞાન ને પ્રકાશ એ પર્યાય એટલે એક અર્થના વાચક શબ્દ છે. જ્ઞાન સ્વભાવવાળો આત્મા સ્વયંપ્રકાશ છે, અર્થાત ઇંદ્રિયો ને અંત:કરણના જ્ઞાનનો વિષય થયા વિના હું છું એમ તે પ્રત્યક્ષ અનુભવાય છે, ને તેના જ્ઞાનસ્વભાવનું સંક્રમણ થવાથી અંત:કરણ તથા જ્ઞાનેન્દ્રિયો અન્ય પદાર્થોને જાણવામાં સમર્થ થાય છે. આવી રીતે આત્મા કોઈના જ્ઞાનનો વિષય થયા વિના પોતાના સદભાવને સ્પષ્ટ જણાવે છે, માટે તે સ્વયંપ્રકાશ કહેવાય છે. વળી તે સર્વદા સ્વત:સિદ્ધ છે. સૂર્યાદિ સ્વયંપ્રકાશ ગણાતા પદાર્થોની પેઠે તે ઉત્પન્ન થયેલ નથી. ચેતનરૂપ આત્મા સ્વયંપ્રકાશ તથા સિદ્ધ હોવાથી તેના ઉપર જે અજ્ઞાનની આવરણ નામની શક્તિ રહી છે તેને દૂર કરવા માત્ર વૃત્તિવ્યાપ્તિની જ અગત્ય છે. પોતાના સદગુરુના અનુગ્રહવાળી, વેદાંતના સંસ્કારવાળી, પવિત્ર ને એકાગ્ર અંત:અકરણની વૃત્તિ હૃદયાદિ ભણી પાછી વાળીને આત્માની ઉપર રહેલા આવરણને દૂર કરે છે, તેથી સ્વયંપ્રકાશ ને નિત્યસિદ્ધ આત્માનું પોતાની મેળે મુમુક્ષુને ભાન થાય છે. તે વૃત્તિના અગ્રભાગમાં ચિદાભાસ છે, પણ તેના સાહ્યચ્યની ત્યાં અગત્ય પડતી નથી. જેમ અંધકારમાં પડેલા પદાર્થને જોવા માટે નિર્દોષ નેત્ર ને દીપક બંનેની અપેક્ષા રહે છે, પણ વાદળા વિનાના બપોરના સૂર્યને જોવામાં માત્ર નિર્દોષ નેત્રની જ અપેક્ષા રહે છે, દીવાની અપેક્ષા રહેતી નથી, દીવો સાથે હોય તો પણ તેનો પ્રકાશ સૂર્યના પ્રકાશમાં ભળી જવાથી નકામો થઈ જાય છે, તેમ જડ પદાર્થના જ્ઞાનમાં વૃત્તિ ને ચિદાભાસ બંનેની અપેક્ષા રહે છે, પણ સ્વયંપ્રકાશ આત્માના જ્ઞાનમાં માત્ર યોગ્ય વૃત્તિની જ અપેક્ષા રહે છે, ચિદાભાસની અપેક્ષા રહેતી નથી. ચિદાભાસ વૃત્તિમાં હોય છે તો પણ તેનો પ્રકાશ આત્માના પરમ પ્રકાશમાં લીન થઈ જવાથી તે ત્યાં નકામો થઈ જાય છે. અંત:કરણની વૃત્તિ પદાર્થની ઉપરના આવરણનો ભંગ કરે તેને વૃત્તિ વ્યાપ્તિ ને ચિદાભાસ પદાર્થને પ્રકાશે તેને ફલવ્યાપ્તિ કહેવામાં આવે છે. આત્માની ઉપરના આવરણનો એક વાર ભંગ થયા પછી તે આત્મા સર્વદા નિરાવરણરૂપે પ્રકાશે છે, અનુભવાય છે, તે પછી વૃત્તિવ્યાપ્તિની પણ અપેક્ષા રહેતી નથી.

હવે ઉન્મની દશાનું સ્વરૂપ વર્ણવે છે:

અર્થાદર્થે યદા વૃત્તિર્ગન્તું ચલતિ ચાન્તરે ।
નિરાધારા નિર્વિકારા યા દશા સોન્મની સ્મૃતા* ||૩૬||

* કોઈ પ્રતમાં અહીં ચિત્તં ચૈતન્યમાત્રેણ સંયોગાચ્ચેતના ભવેત । (કેવલ ચૈતન્યની સાથે સંયોગ પામવાથી ચિત્ત ચેતનના જેવું જણાય છે.) એ પ્રમાણે વધારો જોવા મળે છે.

શ્લોકાર્થ: જ્યારે વૃત્તિ એક પદાર્થથી બીજા પદાર્થ ભણી જવાને ચાલે છે ત્યારે મધ્યમાં જે તેની નિરાધાર અને નિર્વિકાર દશા છે તે ઉન્મની કહી છે.

ટીકા: જ્યારે અંત:કરણની વૃત્તિ અંત:કરણમાંથી ઊઠીને કોઈ પદાર્થ ભણી જાય છે, અથવા કોઈ પદાર્થને આકારે થઈ હોય ત્યાંથી બીજા પદાર્થને આકારે થવા તે પદાર્થ ભણી જાય છે, ત્યારે તે બેની વચ્ચે અંત:કરણની વૃત્તિ કોઈ પણ પદાર્થના આલંબનવાળી હોતી નથી, અર્થાત બ્રહ્માકાર થયેલી હોય છે. વૃત્તિની આવી આલંબન વિનાની ને વિકાર વિનાની - બ્રહ્મરૂપે - જે સ્થિતિ તે સ્થિતિ યોગીઓએ ઉન્મની કહી છે.

હવે ચિત અને ચિત્તના ભિન્ન સ્વરૂપને કહે છે:

ચિત્તં ચિચ્ચ વિજાનીયાત તકારરહિતં યદા ।
તકારો વિષયાધ્યાસો જપારાગો યથા મણૌ ||૩૭||

શ્લોકાર્થ: જ્યારે ચિત્ત તકારરહિત હોય ત્યારે તેને ચિત્ત જાણવું. જેમ મણિમાં જાસુદીના ફુલની રતાશ છે તેમ ચિતમાં તકાર વિષયાધ્યાસ છે.

ટીકા: જ્યારે ચિત એટલે અંત:કરણ તકારથી-ત અક્ષરથી-રહિત હોય ત્યારે તે ચિત્તને તેમાં ત નહિ હોવાથી ચિત એટલે ચૈતન્ય જાણવું. જેમ નિર્મલ ને શ્વેત સ્ફટિકમણિમાં સમીપમાં પડેલા જાસુદીના રાતા ફુલની રતાશ પ્રતીત થઈ તે રાતો પ્રતીત થાય છે, તેમ વિષયના અધ્યાસથી રહિત નિર્મલ ચિતમાં તકારરૂપ વિષયાધ્યાસ આવવાથી તે જ ચિત ચિત્તરૂપે પ્રતીત થાય છે.

ત્રિપુટીની ક્ષીણતા થયે જ્યારે જ્ઞાન એકલું રહે છે ત્યારે પુરુષ બ્રહ્મભાવને પામે છે એમ નિરૂપણ કરે છે:

જ્ઞેયવસ્તુપરિત્યાગાત જ્ઞાનં તિષ્ઠતિ કેવલમ ।
ત્રિપુટી ક્ષીણતામેતિ બ્રહ્મ નિર્વાણમૃચ્છતિ ||૩૮||

શ્લોકાર્થ: જાણવા યોગ્ય - જ્ઞાનના વિષયભૂત- વસ્તુના પરિત્યાગથી કેવલ જ્ઞાન રહે છે. ત્રિપુટી ક્ષીણપણાને પામે છે. તેમ થવાથી તે જ્ઞાની નિર્વાણરૂપ બ્રહ્મને પામે છે.

ટીકા: ઘટાદિ જ્ઞેયવસ્તુનો ઘટાદિ આકારે થયેલી વૃત્તિમાંથી પરિત્યાગ કરવાથી માત્ર નિરુપાધિક જ્ઞાન જ બાકી રહે છે. તે નિરુપાધિક જ્ઞાન બ્રહ્મ છે. આ નિરુપાધિક જ્ઞાન બાકી રહે ત્યારે જ્ઞાતા, સોપાધિક જ્ઞાન, ને જ્ઞેય ઈત્યાદિ ત્રિપુટીઓ નિવૃત્ત થઈ જાય છે. ત્રિપુટીઓની નિવૃત્તિ થવાથી જ્ઞાની મોક્ષરૂપ બ્રહ્મતત્વને અભેદભાવે પામે છે. પરસ્પર સંબંધ રાખનારી ત્રણ વસ્તુઓ મળીને ત્રિપુટી કહેવાય છે, જેમ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય; દ્રષ્ટા, દર્શન ને દૃશ્ય ઈત્યાદિ.

હવે જગદાદિના સ્વરૂપનું વર્ણન કરે છે:

મનોમાત્રમિદં સર્વં તન્મનોઽજ્ઞાનમાત્રકમ |
અજ્ઞાનં ભ્રમ ઈત્યાહુર્વિજ્ઞાનં પરમં પદમ ||૩૯||

શ્લોકાર્થ: આ સર્વ મનો માત્ર છે. તે મન અજ્ઞાન માત્ર છે. અજ્ઞાન ભ્રાંતિ છે એમ કહે છે. વિજ્ઞાન પરમ પદ છે.

ટીકા: આ નામ રૂપ ક્રિયા વાળું સર્વ જગત મને કલ્પેલું હોવાથી મનથી ભિન્ન નથી, પણ મનોરૂપ જ છે. તે મન બ્રહ્મના અજ્ઞાન વડે પ્રતીત થનારું હોવાથી અજ્ઞાનમાંથી ઉપજેલું છે, તેથી તે અજ્ઞાનથી ભિન્ન નથી, પણ અજ્ઞાનરૂપ જ છે. અજ્ઞાન, ભ્રાંતિ અવિદ્યા ને માયા એ પર્યાય છે એમ સતશાસ્ત્રો ને વિદ્વાનો કહે છે. તે અજ્ઞાનથી પર જે બ્રહ્મ છે તે બ્રહ્મરૂપ અનુભવને વિદ્વાનો પરમપદ કહે છે. વેદાંતસિદ્ધાંતમાં સત્યાદિ લોકને પરમપદ કહેતા નથી, પણ બ્રહ્મને જ પરમપદ કહે છે.

હવે માયા, ઈશ્વર ને બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરે છે:

અજ્ઞાનં ચાન્યથા જ્ઞાનં માયામેતાં વદન્તિ તે |
ઈશ્વરં માયિનં વિદ્યાન્માયાતીતં નિરંજનમ ||૪૦||

શ્લોકાર્થ: અન્ય પ્રકારનું જ્ઞાન જ અજ્ઞાન. તેઓ આને માયા કહે છે. માયાના સ્વામીને ઈશ્વર જાણવા, માયાતીત નિરંજન છે.

ટીકા: બ્રહ્મ જે એક પ્રકારની નામ, રૂપ ને ક્રિયાથી રહિત વસ્તુ છે, તેમાં તેનાથી વિલક્ષણ અન્ય પ્રકારનું એટલે નામ, રૂપ ને ક્રિયાવાળા જગતનું જ્ઞાન તે જ અજ્ઞાન વા અવિદ્યા કહેવાય છે. એ અજ્ઞાન અભાવરૂપ નથી, પણ જ્ઞાન વડે નિવૃત્ત થવાને યોગ્ય ભાવરૂપ છે. આ અજ્ઞાનને વા અવિદ્યાને વેદાંતનો પાર પામેલા પંડિતો માયા એવું નામ આપે છે. એ માયાના નિયામકને વિવેકીએ ઈશ્વર જાણવા, ને એ માયાથી જે પર છે, અર્થાત એ માયાનો જેની સાથે ત્રણ કાલમાં લેશ પણ સંબંધ નથી તેને નિરંજન એટલે બ્રહ્મ જાણવું.

ઉપર કહેલી માયાની નિવૃત્તિ બ્રહ્મના જ્ઞાન વડે થાય છે એમ ઉપદેશ કરે છે:

સદાનન્દે ચિદાકાશે માયામેઘસ્તડિન્મનઃ |
અહન્તા ગર્જનં તત્ર ધારાસારા હિ વૃત્તયઃ || ૪૧ ||
મહામોહાન્ધકારેઽસ્મિન દેવો વર્ષતિ લીલયા |
અસ્યા વૃષ્ટેર્વિરામાય પ્રબોધૈકસમીરણઃ || ૪૨ ||

શ્લોકાર્થ: સદાનંદ સ્વભાવવાળા ચેતનરૂપ આકાશમાં માયારૂપ મેઘ ને મનોરૂપ વીજળી છે. ત્યાં અહંતારૂપ ગર્જના છે, ને વૃત્તિઓરૂપ વરસાદની મોટી ધારાઓનું પડવું છે. આ મહામોહરૂપ અંધકારમાં દેવ લીલા વડે વરસે છે. આ વૃષ્ટિ વિરામ માટે જ્ઞાનરૂપ એક વાયું છે.

ટીકા: સત, આનંદ ને ચેતન આ સ્વભાવવાળા બ્રહ્મરૂપ આકાશને આશરે માયારૂપ મેઘ રહેલા છે, તે મેઘમાં અંત:કરણરૂપ વીજળી પ્રતીત થાય છે. ત્યાં દેહાદિમાં હું પણાની બુદ્ધિરૂપ ગર્જના સંભળાય છે, અને માયાના કાર્ય અંત:કરણમાંથી ઉત્પન્ન થતી વૃત્તિઓરૂપ વરસાદની ધારાઓનું પડવું થાય છે. આ મહામોહ એટલે બ્રહ્મસ્વરૂપના અજ્ઞાનરૂપ અંધારામાં સ્વયંપ્રકાશ પરમાત્મા પોતાની સ્વાભાવિક લીલાવડે નામરૂપની પ્રતીતિ કરાવવારૂપ વરસે છે. આ વૃષ્ટિની એટલે માયાની ને તેના અંત:કરણાદિ સર્વ કાર્યોની નિવૃત્તિ માટે બ્રહ્મસ્વરૂપના દૃઢજ્ઞાનરૂપ એક વાયુ જ ઉપયોગી છે.

જ્ઞાનવિજ્ઞાનના સ્વરૂપને તથા અહીં અદ્વિતીય બ્રહ્મ જ છે એ વાતને સંક્ષેપમાં કહે છે:

જ્ઞાનં દૃગ્દૃશ્યયોર્ભાવં વિજ્ઞાનં દૃશ્યશૂન્યતા |
એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિન્ચન ||૪૩||

શ્લોકાર્થ: દ્રષ્ટાનો ને દૃશ્યનો ભાવ તે જ્ઞાન, ને દૃશ્યનો અભાવ તે વિજ્ઞાન. એક જ અદ્વિતીય બ્રહ્મ છે, અહીં કાંઈ પણ ભેદ નથી.

ટીકા: દ્રષ્ટા આત્માના ને દૃશ્ય જગતના વિદ્યમાનપણાની જ્યાં સુધી પ્રતીતિ રહે ત્યાં સુધીની અંત:કરણની સ્થિતિને જ્ઞાન એવું નામ આપવામાં આવે છે, અને સર્વ દૃશ્યનો દ્રષ્ટામાં બાધ થઈ પછી દ્રશ્યનું શૂન્યપણું ને માત્ર દ્રષ્ટાનો જ સદભાવ અનુભવાય એવી અંત:કરણની સ્થિતિ થાય તેને વિજ્ઞાન કહેવામાં આવે છે. વિજ્ઞાનકાલે એક જ અદ્વિતીય બ્રહ્મ અનુભવાય છે, ને આ બ્રહ્મમાં કાંઈ પણ દ્વૈત નથી એવો નિશ્ચય થાય છે.

વળી જ્ઞાન વિજ્ઞાનના સ્વરૂપને બીજી રીતે કહે છે:

ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં તજ્જ્ઞાનં જ્ઞાનમુચ્યતે |
વિજ્ઞાનં ચોભયોરૈક્યં ક્ષેત્રજ્ઞપરમાત્મનો: ||૪૪||

શ્લોકાર્થ: ક્ષેત્રનું ને ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન તે જ્ઞાન જ્ઞાન કહેવાય છે, અને ક્ષેત્રજ્ઞને પરમાત્મા આ બંનેના એકપણાનો અનુભવ તે વિજ્ઞાન કહેવાય છે.

ટીકા: પ્રકૃતિથી માંડીને સ્થૂલ શરીર પર્યંતના સર્વ પદાર્થો જડ હોવાથી ક્ષેત્ર - કરેલાં શુભાશુભ કર્મોનાં શુભાશુભ ફલો ઉપજવાનું સ્થાન - કહેવાય છે. આ ક્ષેત્રના સ્વરૂપને જાણનારો જીવ ક્ષેત્રજ્ઞ કહેવાય છે. ક્ષેત્રના અસત, જડ ને દુ:ખાદિરૂપ સ્વભાવને તથા ક્ષેત્રજ્ઞના સત, ચિત્ત ને આનંદાદિ સ્વભાવને જાણવા તે જ્ઞાન એવા નામથી વિદ્વાનોમાં કહેવાય છે, અને જીવ ને ઈશ્વર એ બંનેનું ચેતનરૂપે વાસ્તવિક એકપણું જાણવું તે વિજ્ઞાન એવા નામ વડે વિદ્વાનોમાં કહેવાય છે.

હવે પરોક્ષ જ્ઞાનના તથા અપરોક્ષ જ્ઞાનના સ્વરૂપને વર્ણવે છે:

પરોક્ષં શાસ્ત્રજં જ્ઞાનં વિજ્ઞાનં ચાત્મદર્શનમ |
આત્મનો બ્રહ્મણ: સમ્યગુપાધિદ્વયવર્જિતમ ||૪૫||

શ્લોકાર્થ: શાસ્ત્રથી ઉપજેલું જ્ઞાન પરોક્ષજ્ઞાન અને જીવના તથા ઈશ્વરના બે ઉપાધિથી રહિત યથાર્થ આત્મસાક્ષાત્કાર તે અપરોક્ષ જ્ઞાન છે.

ટીકા: શાસ્ત્રના શ્રવણ વડે ઉપજેલું આત્માનું સ્વાનુભવવિનાનું જ્ઞાન પરોક્ષજ્ઞાન કહેવાય છે અને જીવનો ઉપાધિ વ્યષ્ટિ અજ્ઞાન વા અંત:અકરણ ને ઈશ્વરનો ઉપાધિ માયા એ બંને ઉપાધિઓથી રહિત આત્માથી અભિન્ન બ્રહ્મનો જે સ્પષ્ટ અનુભવ તે વિજ્ઞાન અથવા અપરોક્ષજ્ઞાન કહેવાય છે.

હવે જ્ઞાનના, વિજ્ઞાનના તથા જ્ઞાનવિજ્ઞાનના સ્વરૂપને કહે છે:

ત્વમર્થવિષયં જ્ઞાનં વિજ્ઞાનં તત્પદાશ્રયમ |
પદયોરૈક્યબોધસ્તુ જ્ઞનવિજ્ઞાનસંજ્ઞકમ ||૪૬||

શ્લોકાર્થ: તું એ પદના અર્થને વિષય કરનારું તે જ્ઞાન, તે એ પદના આશ્રયને વિષય કરનારું તે વિજ્ઞાન, અને તે બંને પદના એકપણાનું જ્ઞાન તો જ્ઞાનવિજ્ઞાનના નામ વાળું છે.

ટીકા: તત્વમસિ તે તું છે - આ મહાવાક્યમાંના તું એ પદના - જીવના - લક્ષ્યાર્થરૂપ ચેતનને વિષય કરનારું જે જ્ઞાન તે જ્ઞાન કહેવાય છે. તે એ પદના - ઈશ્વરના - લક્ષ્યાર્થરૂપ ચેતનને વિષય કરનારું જે જ્ઞાન તે વિજ્ઞાન કહેવાય છે, અને તે બંને પદના એકપણાનું જે જ્ઞાન તે જ્ઞાનવિજ્ઞાન એ નામથી કહેવાય છે.

વળી બોધની દૃઢતા માટે જ્ઞાનના, અજ્ઞાનના ને વિજ્ઞાનના સ્વરૂપનું નિરૂપણ કરે છે:

આત્માનાત્મવિવેકસ્ય જ્ઞાનમાહુર્મનીષિણ: |
અજ્ઞાનં ચાન્યથા લોકે વિજ્ઞાનં તન્મયં જગત ||૪૭||

શ્લોકાર્થ: જડ ચેતનના વિવેકને બુદ્ધિમાનો જ્ઞાન કહે છે, અને લોકમાં અન્યથા જ્ઞાન અજ્ઞાન કહેવાય છે, તથા જગતને બ્રહ્મમય જોવું તે વિજ્ઞાન કહેવાય છે.

ટીકા: શુદ્ધ ચેતનરૂપ આત્મસ્વરૂપને સદાદિ સ્વભાવવાળું જાણવું, તથા તેનાથી વિપરીત સ્વરૂપવાળા જડને એટલે માયાને ને તેના કાર્યરૂપ જગતને અસદાદિ સ્વભાવવાળું જાણાવું તેને બુદ્ધિમાન પુરુષો જ્ઞાન કહે છે. આ લોકમાં એક પ્રકારની વસ્તુને બીજે પ્રકારે જાણવી તે અજ્ઞાન કહેવાય છે. આત્માને દેહાદિ જડપદાર્થ રૂપે જાણવો, તથા બ્રહ્મને જગદરૂપે જાણવું તે પણ અજ્ઞાન છે. આ પ્રતીત થતું નામ રૂપ ક્રિયા વાળું જગત વસ્તુતાએ તત્પદના લક્ષ્યાર્થ બ્રહ્મરૂપ છે એમ અનુભવવું તે વિજ્ઞાન કહેવાય છે.

હવે વૃત્તિથી ઉપજેલા જ્ઞાનનો તથા વિજ્ઞાનનો ભેદ કહે છે:

અન્વયવ્યતિરેકાભ્યાં સર્વત્રૈકં પ્રપશ્યતિ |
યત્તત્તુ વૃત્તિજં જ્ઞાનં વિજ્ઞાનં જ્ઞાનમાત્રકમ ||૪૮||

શ્લોકાર્થ: અન્વય અને વ્યતિરેક વડે સર્વત્ર એકને જે જ્ઞાન જુએ છે તે તો વૃત્તિથી ઉપજેલું જ્ઞાન છે, અને જ્ઞાન માત્ર વિજ્ઞાન છે.

ટીકા: આત્માથી અભિન્ન બ્રહ્મના અન્વય વડે અને જડ જગતના વ્યતિરેક વડે સર્વ જગતમાં એક જ અદ્વિતીય તત્ત્વને જે જ્ઞાન જુએ છે તે જ્ઞાન અંત:કરણની વૃત્તિથી ઉપજેલું જ્ઞાન છે, અને વૃત્તિભાગ મૂકી દેતાં જે કેવલ જ્ઞાન રહે છે તે વિજ્ઞાન વા નિરુપાધિક જ્ઞાન કહેવાય છે.

વળી અન્ય રીતે જ્ઞાનાદિના સ્વરૂપને કહે છે:

અજ્ઞાનધ્વંસકં જ્ઞાનં વિજ્ઞાનં ચોભયાત્મકમ |
જ્ઞાનવિજ્ઞાનનિષ્ઠેયં તત્સદબ્રહ્મણિ ચાર્પિતા ||૪૯||

શ્લોકાર્થ: અજ્ઞાનને નિવૃત્ત કરનારું જ્ઞાન છે અને વિજ્ઞાન ઉભયરૂપ છે; આ જ્ઞાનવિજ્ઞાનની નિષ્ઠા તે સદ્રુપ બ્રહ્મમાં જ અર્પિત છે.

ટીકા: આત્માનું સદ્રુપ (છે એવું) જ્ઞાન આત્માને આશરે રહેલા અજ્ઞાનને નિવૃત્ત કરનારું નથી, પણ આત્માને આશરે રહેલા અજ્ઞાનને નિવૃત્ત કરનારું આત્માનું વિશેષજ્ઞાન (ચિદ્રુપ તથા આનંદરૂપ એવું જ્ઞાન) છે. વિજ્ઞાન એટલે આત્માથી અભિન્ન બ્રહ્મ તો કલ્પિત અજ્ઞાનના અધિષ્ઠાનરૂપ હોવાથી અજ્ઞાન તથા વિશેષજ્ઞાન ઉભયરૂપ છે. આ જ્ઞાનરૂપ આત્મા તથા વિજ્ઞાનરૂપ બ્રહ્મ એ બંનેની સ્થિતિ નિરુપાધિક સદ્રુપ બ્રહ્મમાં જ અર્પણ થયેલી છે. વસ્તુતાએ તે જ સત્ય છે.

હવે ભોક્તાદિના સ્વરૂપને કહે છે:

ભોક્તા સત્વગુણ: શુદ્ધો ભોગાનાં સાધનં રજ: |
ભોગ્યં તમોગુણં પ્રાહુરાત્મા ચૈષાં પ્રકાશક: ||૫૦||

શ્લોકાર્થ: શુદ્ધ સત્વગુણ ભોક્તા, રજોગુણ ભોગોનું સાધન, તમોગુણ ભોગ્ય અને જે એમનો પ્રકાશક તેને આત્મા કહે છે.

ટીકા: રજોગુણથી તથા તમોગુણથી નહિ દબાયેલી નિર્મલબુદ્ધિવાળો જીવ ભોક્તા છે, રજોગુણવાળું મન તથા ઈંદ્રિયો ભોગાનુભવનાં સાધનો છે, અને તમોગુણના કાર્યરૂપ પાંચ ભૂતોમાંથી પ્રકટેલા શબ્દાદિ વિષયો ભોગ્ય છે. આત્મા ભોક્તા, ભોગ કે ભોગ્ય નથી, પણ એ સર્વનો અસંગ રહીને પ્રકાશક છે એમ જ્ઞાનીઓ કહે છે.

હવે વાસ્તવિક બ્રહ્મચારીનાં લક્ષણોનું નિરૂપણ કરે છે:

બ્રહ્માધ્યયન સંયુક્તો બ્રહ્મચર્યરત: સદા |
સર્વં બ્રહ્મેતિ યો વેદ બ્રહ્મચારી સ ઉચ્યતે ||૫૧||

શ્લોકાર્થ: વેદાધ્યયનથી યુક્ત, સર્વદા બ્રહ્મચર્યમાં પ્રીતિવાળો ને સર્વ બ્રહ્મ છે એમ જે જાણે છે તે બ્રહ્મચારી કહેવાય છે.

ટીકા: બ્રહ્મસ્વરૂપનું તથા તેની પ્રાપ્તિનાં સાધનોનું નિરૂપણ કરનાર વેદના ઉપનિષદભાગનું અર્થના તથા રહસ્યના જ્ઞાન સહિત જેણે શુદ્ધોચ્ચારથી અધ્યયન કરેલું છે એવો, શ્રી સદગુરુની નિષ્કપટ ભાવે સેવા કરવા રૂપ તથા મન, વાણી ને શરીર વડે સર્વ સ્ત્રીઓના વિકાર ઉપજાવનારા સંગથી દૂર રહેવારૂપ બ્રહ્મચર્યના પરિપાલનમાં સર્વદા દંભરહિત પ્રીતિવાળો, ને આ પ્રતીત થતું સર્વ જગત, કલ્પિત નામ, રૂપ ને ક્રિયાનો બાધ કરતાં વસ્તુતાએ બ્રહ્મરૂપ જ છે એમ જે સ્વાનુભવથી જાણનારો છે, તે વાસ્તવિક બ્રહ્મચારી કહેવાય છે.

હવે વાસ્તવિક ગૃહસ્થ કોને કહેવો તે જણાવે છે:

ગૃહસ્થો ગુણમધ્યસ્થ: શરીરં ગૃહમુચ્યતે |
ગુણા: કુર્વન્તિ કર્માણિ નાહં કર્તેતિ બુદ્ધિમાન ||૫૨||

શ્લોકાર્થ: જે ગુણોમાં મધ્યસ્થ: તે ગૃહસ્થ છે. શરીર ઘર કહેવાય છે. ગુણો કર્મો કરે છે, હું કર્તા નથી, એમ બુદ્ધિમાન સમજે છે.

ટીકા: જે શરીર, ઈંદ્રિયો, પ્રાણો, અંત:કરણ ને આ જગતરૂપ ગુણોનાં કાર્યોમાં રાગદ્વેષ રહિત રહે છે તે ગૃહસ્થ કહેવાય છે. આ પ્રતીત થતું સ્થુલ શરીર, તેની અંતર રહેલું સૂક્ષ્મશરીર, ને તેની અંતર રહેલું કારણ શરીર ગૃહસ્થનું આત્મસ્વરૂપને જાણનાર જ્ઞાનીનું ઘર કહેવાય છે. સત્ત્વગુણ, રજોગુણ ને તમોગુણના કાર્યરૂપ અંત:કરણ, પ્રાણો, ઈંદ્રિયો ને શરીર આ સર્વ કર્મો કરે છે, હું અસંગ ને અપરિણામી આત્મા કાંઈ પણ કર્મ કરતો નથી એમ જ્ઞાની (તે ગૃહસ્થ) સમજે છે.

કૃપા કરીને હવે વાસ્તવિક વાનપ્રસ્થના સ્વરૂપનું વર્ણન કરે છે:

કિમુગ્રૈશ્ચ તપોભિશ્ચ યસ્ય જ્ઞાનમયં તપ: |
હર્ષામર્ષવિનિર્મુક્તો વાનપ્રસ્થળ સ ઉચ્યતે ||૫૩||

શ્લોકાર્થ: જેનું જ્ઞાનમય તપ છે તેને ઉગ્ર તપો વડે શું? જે હર્ષ ને ઈર્ષાથી સારી રીટે મોકળો થયેલો છે તે વાનપ્રસ્થ કહેવાય છે.

ટીકા: જેનું જ્ઞાનમય એટલે સર્વ દૃશ્યના મિત્યાપણાનો અપરોક્ષ નિશ્ચય કરી સર્વત્ર બ્રહ્માનુભાવ કરવારૂપ તપ છે તેવા દૃઢ જ્ઞાનીને શરીરને બહુ કષ્ટ થાય એવાં તીક્ષ્ણ તપો વડે ક્યું પ્રયોજન સિદ્ધ કરવાનું છે? ઉગ્ર તપનાં જે અન્ય સ્વર્ગાદિ ફલો શાસ્ત્રમાં કહ્યાં છે તે સર્વ ફલો બ્રહ્મજ્ઞાનના મોક્ષરૂપ ફલની આગળ અતિ તુચ્છ હોવાથી તેમને હવે કોઈ પણ ફલ પ્રાપ્ત કરવાનું બાકી ન રહેવાથી શરીરને અતિ કષ્ટ થાય એવું કોઈ ઉગ્ર તપ કરવાની તેમને લેશ પણ આવશ્યકતા રહી નથી. જે પુરુષ જ્ઞાનમય તપવાળો તથા હર્ષ ને અદેખાઈ આદિ ચિત્તના દોષોથી રહિત છે તે પુરુષ વાસ્તવિક વાનપ્રસ્થ (નિર્જન

સ્થાનરૂપ બ્રહ્મમાં ઉત્તમ પ્રકારે સ્થિતિ કરીને રહેલો) કહેવાય છે. અનુકૂલ પ્રાણિપદાર્થના લાભથી થતા ચિત્તના ને મુખના વિકાસને હર્ષ અને અન્યના ઉત્કર્ષને સહન ન કરવો તેને અદેખાઈ કહે છે.

આ સદાચારના વિચારાદિ વડે થનારા ફલને કહીને હવે આ સ્તોત્રની (લઘુગ્રંથની) સમાપ્તિ કરે છે:

સદાચારમિમં નિત્યં તેઽનુસન્દધતે બુધા: |
સંસારસાગરાચ્છીગ્રં મુચ્યન્તે નાત્ર સંશય: ||૫૪||

ઈતિ શ્રીમર્પરમહંસપરિવ્રાજકાચાર્ય શ્રીમચ્છન્કરાચાર્યવિરચિતં સદાચારસ્તોત્રં સમ્પૂર્ણમ ||

શ્લોકાર્થ: આ સદાચારને જે વિવેકીઓ નિત્ય વિચારે છે તે વિવેકીઓ અવશ્ય સંસારસમુદ્રથી શીગ્ર મોકળા થાય છે એમાં સંશય નથી.

ટીકા: આ સદાચાર નામના લઘુ પુસ્તકમાં વર્ણવેલા વિષયનો જે વિવેકી પુરુષો નિત્ય આદર પૂર્વક વિચાર કરી પછી નિદિધ્યાસન કરે છે તે વિવેકી પુરુષો બ્રહ્મ સાક્ષાત્કાર વડે અવશ્ય અસંખ્ય દુ:ખોરૂપ જલથી ભરેલા સંસાર સાગરથી શીગ્ર મોકળા થાય છે, અર્થાત તેના પર તીર રૂપ બ્રહ્મને પ્રાપ્ત થાય છે, એમાં લેશ પણ સંદેહ નથી.

એ પ્રમાણે બ્રહ્મવિદ્યા વાળા પરમહંસોના ને પરિવ્રાજકોના આચાર્ય શ્રી શંકરાચાર્યજીએ રચેલા સદાચાર નામના સ્તોત્રરૂપ રત્નની શ્રીનાથશર્મપ્રણીત ભાવાર્થદીપિકા નામની ગુજરાતી ભાષાની ટીકા પૂરી થઈ.